विद्या सर्वार्थ साधिका

# આનંદાલય

## વાર્ષિક પરીક્ષા

## ધોરણ – ૭

**વિષય : ગુજરાતી** **કુલ ગુણ : ૩૦**

**તા: ૧૭.૦૩.૨૦૨૫** **સમય : ૨ કલાક**

**પ્રશ્ન:૧ નીચે આપેલ ગદ્યાંશ વાંચીને પ્રશ્નોનાં જવાબ લખો.** **૧×૫=૫**

એક રાજા હતો. તે ઘણી વાર વેશપલટો કરી નગરચર્યા જોવા નીકળતો. એક દિવસ વહેલી સવારે રાજા વેશપલટો કરી નગરચર્યા જોવા નીકળી પડ્યો. તેણે મુખ્યમાર્ગ પર એક મોટો પથ્થર પડેલો જોયો. આ પથ્થર કોણ ખસેડે છે તે જાણવાની રાજાને ઇચ્છા થઈ. આથી રાજાએ પથ્થર નીચે એક ચિઠ્ઠી અને એક સોનામહોર મૂકી. પછી રાજા શું થાય છે તે જોવા થોડે દૂર જઈને ઊભો રહ્યો. એવામાં એક ખેડૂત બળદો સાથે ત્યાંથી પસાર થયો. એના એક બળદનો પગ રસ્તા વચ્ચે પડેલા પેલા પથ્થર સાથે અથડાયો. એથી બળદ લંગડાતો લંગડાતો ચાલવા લાગ્યો. પણ ખેડૂત બબડાટ કરતો ચાલતો થયો. તેણે પથ્થર ખસેડવાની તસ્દી લીધી નહિ. થોડી વાર પછી એક ઘોડાગાડીવાળો ત્યાંથી પસાર થયો. તે મસ્તીથી ગાતો ગાતો જતો હતો. એવામાં તેની ઘોડાગાડીનું પૈડું પથ્થર સાથે જોરથી ભટકાયું. ઘોડાગાડીમાં બેઠેલા મુસાફરો ચીસ પાડી ઊઠ્યા. ઘોડાગાડીવાળો ગુસ્સે થઈને બોલ્યો, "ક્યા હરામખોરે રસ્તા વચ્ચે આવડો મોટો પથ્થર મૂક્યો છે?"પછી પથ્થર ખસેડયા વિના જ ઘોડાગાડીવાળો ઘોડાગાડી હંકારી ચાલતો થયો  એટલામાં ત્યાં એક દૂધવાળી આવી. તેને માથે દૂધની ગાગર હતી. તેનું પથ્થર તરફ ધ્યાન ગયું નહોતું. તેને પેલા પથ્થરની ઠેસ વાગી. તે પડી ગઈ અને તેનું બધું દૂધ ઢોળાઈ ગયું. દૂધવાળી રસ્તા વચ્ચે પથ્થર મૂકનારને ગાળો દેતી તથા ખોડંગાતી ચાલતી થઈ. તેણે પણ પથ્થર ખસેડયો નહિ. થોડી વાર પછી એક વિદ્યાર્થી ત્યાંથી પસાર થયો. તેણે રસ્તા વચ્ચે પડેલો પથ્થર જોયો. ત્યાં તેણે દૂધ ઢોળાયેલું જોયું. તેણે વિચાર્યું કે આ પથ્થર ઘણાંને નડતો હશે તેણે દફતર રસ્તાની બાજુમાં મૂક્યું. પછી બળપૂર્વક પથ્થરને ખસેડયો. જોયું તો પથ્થર નીચે એક ચિઠ્ઠી અને સોનામહોર હતી. તેને ભારે નવાઈ લાગી. તેણે ચિઠ્ઠી વાંચી. તેમાં લખ્યું હતું: 'પથ્થર ખસેડવાનું ઈનામ."એટલામાં દૂર ઊભેલો રાજા પણ ત્યાં આવી પહોંચ્યો. રાજાએ વિદ્યાર્થીને તેની ફરજ બજાવવા બદલ અભિનંદન આપ્યા. આ સમાચાર આખા નગરમાં ફેલાઈ ગયા. તો પ્રજાજનોને પોતાની ફરજ બજાવવાનું મહત્વ સમજાયું.

૧ રાજાને શું જાણવાની ઈચ્છા થઈ?

૨ રાજાએ પથ્થર નીચે શું મૂક્યું?

૩ ઘોડાગાડી વાળા એ શું કર્યું?

૪ દૂધવાળી સાથે શું થયું?

૫ એક વિદ્યાર્થીએ શું કર્યું?

**પ્રશ્ન:૨ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખો.** **૧×૫=૫**

૧ ગુરુએ કઈ નદી કિનારે શહેર વસાવવા કહ્યું ?

ક) ગંગા ખ) વિશ્વામિત્ર ગ) નર્મદા ઘ) સાબરમતી

૨ 'ધૂપસળી થાજો' કાવ્યમાં શેનાથી બીજાના દુ:ખને દળવાનું કહેવામાં આવ્યું છે. ?

ક) ઘરઘંટીથી ખ) ધૂપસળીથી ગ) દેહઘંટીથી ઘ) જ્યોતથી

૩ આઇન્સ્ટાઇન પાસે કોણ જતું ?

ક) વૃદ્ધ ખ) બાળકો ગ) યુવાનો ઘ) ગરીબો

૪ નરેન્દ્રને 'વિવેકાનંદ' નામ કોણે આપ્યું ?

ક)ગુરુએ ખ) પિતાએ ગ)માતાએ ઘ) મિત્રેએ

૫ ખેડૂત વધારે ને વધારે ----------------મેળવવા માંગતો હતો.

ક) અનાજ ખ) પૈસા ગ) જમીન ઘ)ઘર

**પ્રશ્ન:૩ નીચે આપેલા પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ લખો.** **૧×૪=૪**

૧ ગોપીઓ માતા યશોદાને કૃષ્ણની ફરિયાદ કેવી રીતે કરતી?

૨ લાલચુ ખેડૂતની સામે કઈ શરત મુકવામાં આવી?

૩ વિવેકાનંદે યુવાનોને કયું સૂત્ર આપ્યું?

૪ અમદાવાદનું જૂનું નામ શું હતું?

**પ્રશ્ન:૪ નીચે આપેલા પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો.** **૨×૪ =૮**

૧ લાલચુ ખેડૂતનું મત્યુ કેવી રીતે થયું ?

૨ સ્વામી વિવેકાનંદની લાક્ષણીકતાઓ જણાવો.

૩ અમદાવાદની પહેલી ઈમારતના ખાતમુહૂર્તના સમયે કયા ચાર અહમદોએ ભેગા થઈને કર્યું હતું ?

૪ 'માધવ ક્યાંય નથી મધુવનમાં' કાવ્યમાં કોની કોની વચ્ચે સંવાદ દર્શાવવામાં આવ્યો છે.

**પ્રશ્ન:૫ સુચના મુજબ લખો**

**(અ) નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય શબ્દ વડે પૂરો.** **૧×૪=૪**

૧ કૃષ્ણ ............. ની ડાળી પર બેસી વેણું વગાડતા .

૨ આઇન્સ્ટાઇન.................... થી પ્રભાવિત થઇ ઘણાં યુવાનો તેમને મળવા આવતા.

૩ ગુજરાતની જૂની રાજધાની ................ શહેર હતું .

૪ સૂર્ય અસ્ત થાય તે પહેલા તે પાછો આવી ગયો પણ તેનો કોય ............. ન રહ્યો.

**(બ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **૧×૨=૨**

૧) જગત ૨) માધવ

**(ક) નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો લખો.** **૧×૨=૨**

૧) યુવાન ૨) દિવસ